॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૬ | ઓક્ટોબર ૧૯૮૫ | અંક ૩

## વાલીઓને,

### ગૃહકાર્ય (ઘરકામ)

શ્રેણી ૧ થી ૪માં ગૃહકાર્ય ન આપવું તેવું છેલ્લા કેટલાક સમય પહેલાં નક્કી કર્યું ત્યારે તેનાં પ્રત્યાઘાત જેવા આકરા ધાર્યા હતાં તેવા નથી મળ્યાં તેનો આનંદ છે.

ઘરકામ હોવું જોઇએ? હોય તો કેટલું હોવું જોઇએ? દરેક બાળકને સરખુ જ ગૃહકાર્ય આપવું? રજાઓમાં ગૃહકાર્ય હોવું જોઇએ? આવા અનેક પ્રશ્નો વારંવાર ઉઠે છે પણ તેનું સમાધાન મળતું નથી.

મૂળવાત એ છે કે બાળકને કેળવવાની જવાબદારી માત્ર શાળાની છે, અથવા બાળકને કેળવવાનું કાર્ય માત્ર શાળા જ કરે છે તે ખ્યાલ દૂર કરવો જરૂરી છે. તેવી જ રીતે માત્ર શાળામાં ચાલતા અભ્યાસક્રમો વડે જ બાળકની કેળવણી થાય છે તેવું માનવું પણ યોગ્ય નથી, વિશેષ કરીને નાના બાળકો માટે તો નહી જ.

નાના બાળકો જ્યારે સમવયસ્કો સાથે રમે છે, ફરે છે, દાદા દાદી સાથે આનંદ કરે છે, વાર્તા સાંભળે છે, ગાય છે કે માતા પિતા તેમજ અન્ય કુટુંબીજનો સાથે જે જે વ્યવહારમાં ગૂંથાય છે તેમાંથી મળતી કેળવણીનો સમાવેશ અભ્યાસક્રમમાં સમાવવો શક્ય નથી. શાળામાં 'પર્યાવરણ'ના વિષય દ્વારા આ અનુભવ આપવાનો પ્રયત્ન થયો છે એટલું જ, પણ એમાંય સંતોષ મળે તેવું નિપજ્યું નથી.

'અમુક પાઠના બધા પ્રશ્નો લખી લાવવા' કરીને આપણે છૂટી નહી જઈ શકીએ, પણ બાળક તેનાંથી કેટલું દબાયું છે તે જોવું પડશે. આમ કરવાથી તેની રચનાત્મક શક્તિને આપણે હણી તો નથી નાખતાને? એ જોવું પડશે. આપણો સમય બચાવતા બાળકનો અર્થહીન કેટલો સમય લીધો તે વિચારવું પડશે.

બાળકના અક્ષર સુધારવા છે? તેને ગણિતમાં વધારે દૃઢિકરણ આપવું છે? તેની ભાષા ખીલે તે જોવું છે? તેની એકાગ્રતા વધે તે પ્રયત્ન કરવો છે? આમ આપણા મનમાં હેતુ સ્પષ્ટ કરીને તે માટે તૈયારી કરાવીએ તો ગૃહકાર્ય હેતુલક્ષી બને, બાકી તો તેને વેઠ કરવાની શિક્ષામાંથી તેને બચાવ્યે જ છૂટકો.

આ બાબતમાં વાલીઓ વ્યક્તિગત રીતે મળ્યા છે અને હજુ મળશે તો પણ મને આનંદ થશે. જરૂર જણાય તો સમૂહમાં પણ આવા પ્રશ્નો વિચારીએ, જો એવો પ્રતિભાવ વાલીઓમાં આવશે તો તેવા કાર્યક્રમનું આયોજન કરવાનો મને આનંદ થશે.

હિનુભાઈના વંદન

### હાઈકુ

હવે રાત્રિએ,
કૂકડો બોલે કૂક,
માણસ ઊંઘે

વિવેક દ્વિવેદીયા ૮બ

નથી ખબર
શમણામાં મને જ
છે આ શમણું

પારસ ત્રિવેદી ધો. ૧૦

હવે સવારે
રેડિયો બોલે કૂક
કૂકડો ઊંઘે

મૈત્રેય દ્વિવેદીયા ૧૦ક

રાત્રિએ કહયું
"શ્રમ કર માનવ
પ્રભાત થશે"

ભરત રાવલ ધો. ૧૦

## બાલ મંદિર

### "બાળકોના ઉદ્‌ગારો"

સ્થાપના દિનની પૂર્વ તૈયારીનો દિવસ હતો. બાળકોને ચિઠ્ઠી દ્વારા સુચના અપાઇ હતી કે જેને ઘેર ફૂલ, હાર તથા બગીચામાં લોન હોય, તે કપાવીને લેતા આવશો. વર્ગમાં પણ બાળકોને શિક્ષક દ્વારા મૌખિક સુચના આપવામાં આવી હતી. ઘંટ વાગ્યો ને બાળકો ઘેર જવા લાગ્યા એક બાળક પોતાની માતાની આંગળી પકડી પગથિયાં ઉતરતાં બોલ્યું "મમ્મી આપણે ત્યાં બગીચો નથી, તો આપણે મારીને ત્યાંથી ફૂલ ને લોન લઇ આવીશું?" બાળકનાં માનસપટ પર ઉત્સવની પૂર્વ તૈયારીની કેવી ગડમથલ હોય છે તે આ ઉપરથી સ્પષ્ટ જણાશે. સ્વયંશિસ્તનો એક દાખલો : તાલીમના બાળકો દાદર ઉતરતાં હતાં, એક બાળક બીજા બાળકને કહેતું હતું "તું ઉપર ચઢી જા, તને તો મમ્મી લેવા આવે છે. અત્યારે તો રિક્ષાવાળા બાળકોને જ નીચે ઉતરવાનું છે." બાળક પણ નિયમ સમજતું હતું

તાલીમ મંડળીના બાળકોએ ૩૦-૯-૮૫ને સોમવારના રોજ ગાંધી આશ્રમનો પ્રવાસ કર્યો, ત્યાં મોહનથાળ અને ચેવડાનો નાસ્તો ઉત્સાહથી કર્યો. બાળકોએ ગાંધીજીના ફોટોગ્રાફસ તથા ગૌશાળા અને ચર્મ ઉદ્યોગની મુલાકાત લીધી. ગરમી સખત હતી. બાળકો પાણી પાણી કરતાં હતાં છતાં પ્રવાસનો આનંદ અનેરો હતો.

બાળકો કુતુહલથી પ્રશ્ન પૂછતાં હતાં.

"ગાંધીબાપુને બાળકો બહુ વ્હાલાં હતાં?"

"ચંપલ સીવીને બનાવે?"

"આટલું જાડું ચામડું કેવી રીતે સીવતાં હશે?"

"આ મોરનાં બચ્ચાં છે? "તેનાં પીછાં કયાં છે?" બાળકોનાં પ્રશ્નોની પરંપરાના ઉત્તરો શિક્ષકોએ શાંતિથી આપીને બાળકોને સંતોષ્યા.

૩જી ઓકટોબરના દિવસે એક બાળક ફેલ્ટપેનથી સુંદર ચિત્ર દોરીને લઈ આવ્યું. ચિત્રમાં છૂટાછવાયા ઘરો, ઝુંપડી, નાનું ઝાડ, ગોળ પત્થર પર એક છોકરી અને જવાનો રસ્તો વિગેરે દોરેલું હતું ચિત્રની ઉપર બાળકે લખ્યું કે 'ગાંધીબાપુને ભેટ બહેન તરફથી તા. ૨-૧૦-૮૫' ગાંધીજીને બાળકો બહુ જ વહાલાં હતાં તે ધ્યાનમાં રાખીને બાળકે પણ પોતાનો પ્રેમ ગાંધીબાપુ તરફ દર્શાવ્યો એનું આ સચોટ ઉદાહરણ છે.

**જયોત્સ્નાબેન શોધન**

## શિશુ મંદિર

### ઉપરીયાળા શંખેશ્વર પ્રવાસ

૧૯૮૫ની ઓકટોબરની ૫ અને ૬ તારીખે શનિ તથા રવિવારે ધોરણ ૪નાં બાળકો માટે ઉપરીયાળા સંખેશ્વરનો પ્રવાસ યોજાયો, જેમાં શાળાનાં ધો ૪ના ૧૨૩ બાળકો જોડાયાં, સંસ્થાની બે બસો શનીવારે બપોરે ૧ વાગે આ પ્રવાસ માટે ઉપડી.

સંસ્થાના વાલી શ્રી અજીતભાઇ ભગુભાઇ શેઠ તરફથી ઉપરીયાળામાં બાળકો માટે બધીજ સગવડો પૂરી પાડવામાં આવી. પીવા માટે ઠંડા, મીઠા પાણીનાં માટલા શીરો પૂરી ખમણ ભીંડાનું શાક વાલ, દાળ ભાત અને કાકડીનાં કચુંબરનું જમણ. રાત્રીવાસા માટે સ્વચ્છ મોટા ઓરડાઓ અને પૂરતાં પાથરણાં બાળકોની આગતા-સ્વાગતામાં કયાંય કચાશ ન હતી ધર્મશાળાના એકેએક કાર્યકરોનો ઉષ્માભર્યો સહકાર અને પ્રેમ સાચે જ ન ભૂલાય તેવા હતાં, એટલું જ નહી પણ "આ નિર્દોષ બાળકોનાં પગલે ગામ પર વર્ષાની મહેર થઇ થઇ છે" એવા ગ્રામવાસીઓના પ્રતિભાવો પણ સાંભળવા મળ્યા.

ઉપરીયાળાનું કાચનું સુંદર સ્વચ્છ દેરાસર બાળકોનાં દિલમાં વસી ગયું. આદેશ્વર ભગવાન તથા નેમિનાથ ભગવાનની કૃપાથી સૌ બાળકો સંપૂર્ણ તંદુરસ્તી સાથે આનંદ કિલ્લોલથી પ્રવાસ ખેડી શકયાં.

રાતવાસો ઉપરીયાળામાં રહી સવારનાં ભોજનશાળાનાં ગરમ પૂરી અને મગ તથા દુધનો નાસ્તો કરી સૌ સંખેશ્વર ગયાં.

શંખેશ્વરની ખ્યાતિ દિવસે દિવસે વધતી જાય છે પાંચેક હજાર યાત્રાળુઓની ભીડમાં પણ બાળકોએ ઉમંગથી દેરાસરમાં પૂજા કરી અને તે એક અતિ આનંદનો લ્હાવો ગણાય. ત્યાંની ભોજનશાળામાં પણ બાળકોને જમાડવાની ખૂબ સારી સગવડ પૂરી પાડવામાં આવી. આ પ્રવાસ બાળકો કદી ભૂલી શકશે નહી.

**અભિનંદન** :- ચિં. બહેન રાધિકા ધૂળધોયાને ૨૫માં world Schooi Childrens Art Exhibitionમાં 'બાઈસિકલ' ચિત્ર માટે સિલ્વર પ્રાઇઝ, અને ૨૬માં Word School Art Exhibitionમાં સર્ટીફીકેટ મળ્યા તે માટે અભિનંદન. આ બંને પ્રદર્શનો કોરીયન ચિલ્ડ્રન સેન્ટર તરફથી યોજાય છે.

**આભાર** :- ધો. ૪ના શંખેશ્વર ઉપરીયાળાનાં પ્રવાસમાં ઉપરીયાળાજીમાં ખૂબ સારી સગવડ પૂરી પાડવા બદલ સંસ્થા, સંસ્થાના વાલીશ્રી અજીતભાઈ ભૂરાભાઈ શેઠનો ખૂબ આભાર માને છે.

**કુસુનભાઇ શાહ**

# વિનયમંદિર

## ઈતરવાચન

અભ્યાસની સાથે દરેક વિદ્યાર્થીએ ઇતરવાંચન કરવું જોઈએ. નવનીત-સમર્પણ, કુમાર, જનકલ્યાણ, અખંડઆનંદ, જેવા મેગેઝીનો અવશ્ય વાંચવા જોઇએ. આ વાંચનથી આપણી જ્ઞાનવૃદ્ધિ થાય છે અને મન પ્રફુલ્લિત થાય છે. ઇતરવાંચનથી વિદ્યાર્થીઓને નિબંધો, પત્રો અને કાવ્ય/ગદ્ય સમીક્ષાઓ જેવા પ્રશ્નો લખવામાં સરળતા પડે છે. ઇતરવાંચનથી સામાન્યજ્ઞાન પણ વધે છે ઇતરવાંચનના વધુ પડતા શોખથી અભ્યાસક્રમની તૈયારીમાં વિક્ષેપ પડે છે, તો વિવેકપૂર્ણ રીતે ઇતરવાંચન કરવું જોઇએ.

"Books are our never failing friends"

## સમાચાર

**ક્રિકેટની દિવાન બલ્લુભાઇ કપ મેચોની આપણી શાળાની ક્રિકેટ ટીમની સિદ્ધિઓ.**

**પ્રથમ મેચ :-** ટ્યુટોરીઅલ હાઇસ્કુલ સામે જીત

શારદા મંદિર ૧૯૨ રન ટ્યુ. હાઇસ્કુલ ૬૩ રન

**બીજી મેચ. :-** દિ. બ હાઇસ્કુલ કાંકરીયા સામે જીત
શારદામંદિર ૪૪૧ રન ગુંજન ત્રિવેદી ૧૬૭
શ્રવણ કિનારીવાળા ૧૪૨-૩૦૦ રનની વિક્રમ ભાગીદારી)
દિ. બ. હાઇસ્કુલ ૮૪ રન

**ત્રીજી સેમી ફાઈનલ મેચ :-** સરદાર પટેલ હાઇસ્કુલ સામે જીત્યા. સરદાર પટેલ હાઇસ્કુલ ૧૦૪ રન. શારદામંદિર ૩૩૬ રન છ વિકેટે

આપણી ટીમ આ કપની ફાઈનલ મેચમાં પ્રવેશી છે.

**અભિનંદન**

(૧) કુમબિહાર ટ્રોફીના ગુજરાતની ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે પસંદગી પામવા બદલ શ્રી ગુંજન ત્રિવેદીને અભિનંદન.

(૨) હોકીની આંધિક રમતમાં વડોદરામાં ફાઈનલ મેચ રમી રનર્સ અપનું સર્ટીફીકેટ પ્રાપ્ત કરવા બદલ કુ. આરતી ત્રિવેદીને અભિનંદન.

(૩) ૨૯-૯-૮૫ અને તા. ૨-૧૦-૮૫નાં રોજ સ્પોટર્સ કલબ અને ઇન્ટરકલબના ઉપક્રમે યોજાયેલ તરણ સ્પર્ધામાં ૫ રૌપ્યચંદ્રક અને એક કાંસ્ય ચંદ્રક મેળવવા બદલ ધો. ૧૦ કનાં મેહુલ મણિકાંત શાહ ને અભિનંદન.

તા. ૩૦-૯-૮૫થી ધો. ૮ અને ધો ૯નાં વિદ્યાર્થીઓ માટે ટ્રાફીક ટ્રેનીંગના ખાસ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો.

દેવેન્દ્રભાઈ ઠાકર

# મારો સંકલ્પ

રૂપાલીને આજે કોઇક કારણસર હીતાની શાળામાં જવાનું થયું, ને તેની શાળા જોઇ રૂપાલીના આનંદનો પાર ન રહ્યો તેનાથી બોલી જવાયું. "કેટલું સરસ ઠંડકભર્યું વાતાવરણ છે.....અહીં ભણવાનું હોય તો કેવી મજા આવે? ને હીતાને આશ્ચર્ય થયું....તેણે પૂછ્યુ, "તે, રૂપાલી તમારી સ્કુલમાં આવા સરસ વૃક્ષો નથી ? આ વૃક્ષો, તેની લીલીછમ ઘટા, તેનો છાંયો.... તેની ઠંડક અમને તો અહીં ખૂબ મઝા આવે છે. ભણવાનો કયારેય કંટાળો કે થાક જ નથી લાગતો."

"હીતા, અમારે ત્યાં વૃક્ષ છે તો ખરાં, પણ થોડાં, તમારા જેટલાં નહીં હો.... હમણાં હમણાં નવા વૃક્ષો ઘણાં વવાતા જાય છે. પણ એ ઉછરશે તો ને ?...."

"કેમ ? વાવ્યા છે તો ઉછરશે તો ખરાં જ ને !.... વૃક્ષને ઉછરતાં તે શું વાર ?"

"એવું નથી હીતા, પરંતુ એ માટે બધાંનો સાથ અને સહકાર જોઇએ વૃક્ષ તો બિચારું મૂંગું, એને કોઇ હેરાન કરે તો કંઇ ફરીઆદ ઓછું જ કરી શકવાનું છે ?.... આ જોને.... કાલે જ અમારી બાથરૂમ આગળના વૃક્ષની વાત કરું.... એ સારું ઉછરે તે માટે તેનું રક્ષણ કરવા આજુ બાજુ સરસ રીતે ઇંટો ગોઠવી હતી. પણ રીસેસ પડી, પાંચ સાત વિદ્યાર્થીનીઓનું ટોળું આવ્યું ને એક એક ઈંટ છોડ પર નાંખતાં જાય.... અને હસતાં જાય.... છોડ તો ધ્રુજી ઉઠયું હશે જ પણ એ જોઇને હું પણ ધ્રુજી ઉઠી, કુમળો, મૂંગો છોડ ઈંટો નીચે દબાઈ ગયો, માળીએ ઈંટો ખસેડી માંડ માંડ એને જીવતદાન આપ્યું."

વૃક્ષ આપણાં પર કેટકેટલાં ઉપકાર કરે છે? એનાથી ઠંડક મળે, વાતાવરણ રળિયામણું લાગે, મેઘને મનાવવામાં પણ એ કેટલી મદદ કરે છે!.... વૃક્ષોની વૃદ્ધિ એટલે આપણા આનંદની વૃદ્ધિ આપણી સમૃદ્ધિની બઢતી, એવાં વૃક્ષનું જતન કરવાને બદલે એને રંજાડાય ખરૂં ? મૂંગા વૃક્ષની હત્યા એટલે આત્મહત્યા. વૃક્ષોનો આપણા ઉપર ઘણો મોટો ઉપકાર છે.

વૃક્ષો જયાં હરખે છે વરસાદ ત્યાં વરસે છે

આ સત્યને સમજીને આપણે આજથી જ વૃક્ષનાં જતનનો સંકલ્પ કરીએ તો !

ઊર્મિલા શાહ

---

તા. ૧૯-૧૦-૮૫ને શનિવારના રોજ રાત્રે ૯-૩૦ વાગે પ્રેમાભાઇ હોલ ખાતે યોજાએલ શ્રી મિલનનેપથ્ય ગરબા-સ્પર્ધામા શારદામંદિર સાંસ્કૃતિક વર્તુળે દ્વિતિય પદ પ્રાપ્ત કરી શીલ્ડ મેળવ્યું છે. તે બદલ ભાગ લેનાર સૌ બેનોને અભિનંદન આ ગરબામાં શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની બેન દિપાલી વસાએ ઘણી જહેમત ઉઠાવી હતી.

# મારો પ્રવાસ

રોજીંદા જીવનમાં જેટલું મહત્વ તહેવારનું છે તેટલું જ મહત્વ બાળકોને માટે પ્રવાસનું છે પ્રવાસમાંથી બાળક જ્ઞાન સાથે ગમ્મત મેળવે છે. નવું નવું જાણી લાવે છે બાળક માટે પ્રવાસની યાદ કંઈક જુદી જ હોય છે. ઉપરી-યાળાજી અને સંખેશ્વરનાં પ્રવાસની જાણ શાળામાંથી થતાં જ મન પ્રવાસનાં વિચારોમાં ખોવાઇ ગયું. વળી આગળનાં વર્ષે અનામત આંદોલનના કારણે પ્રવાસ થયો ન હતો તેથી પ્રવાસ માટે મન વધુ અધીરૂં બન્યું હતું.

શનિવારે બપોરે પ્રવાસ ઉપડવાનો હતો છતાં મનતો સ્કુલબસમાં ક્યારનુંય ગોઠવાઇ ગયું હતું, બપોરે ૧૨–૩૦ વાગે અમે શારદામંદિરમાં પહોંચી ગયાં, અને ત્યાં ભાઈબંધોને જોતાં જ મમ્મી પપ્પાને તો કયાંય ભૂલી ગયાં. બધા બસમાં ગોઠવાઇ ગયાં, ને'શારદામંદિરની જય' બોલાવી બસ તો ઊપડી. ગપ્પા મારતાં ને ગીતો ગાતાં અમે કયારે ઉપરીયાળાજી પહોંચી ગયા તેની ખબર પણ અમને ન પડી

ઉપરીયાળાજી પહોંચી સેવમમરાનો નાસ્તો કર્યો. અવનવી રમતો રમ્યાં ને પછી કાચનું દેરાસર જોવા ગયાં, એ વખતે અમને જાણવા મળ્યું કે દેરાસરમાં જે આદેશ્વર ભગવાન છે તે ત્યાંથી દટાયેલાં મળી આવ્યાં હતાં. દેરાસર ખૂબ સરસ હતું. ત્યારપછી અમે સૌ શીરો પૂરી વિ સરસ રીતે જમ્યાં, રાત્રે દેરાસરમાં જઈ ભાવના કરી ખૂબ પ્રાર્થ-નાંઓ ગાઇ. પાછા આવી નાટક પણ કર્યા ને ખૂબ રમ્યા પછી સુવા તો ગયાં પણ આનંદ એટલો તો હતો કે ઊંઘ આવે કયાંથી? ખૂબ હસાહસ તોફાનમસ્તી ચાલતી હતી ત્યાં તો બત્તીઓ ગઇ. અને એવામાં એક બિલાડી અમારી સાથે જાણે રમવા આવી પહોંચી. એ રાતે અમે કરેલું તોફાન સાચે જ નહીં ભૂલી શકાય ત્યાં તો સરસ મજાનો વરસાદ આવ્યો સૌ કોઇને થયું જાણે અમારે પગલે વરસાદ આવ્યો ને ઠંડક અને હાંશ બધે જ પ્રસરી ગયા.માંડ માંડ રાતે સુતા.

સવારે ૫ વાગે ઊઠી જલ્દી પરવારી પૂરી મગ ને દૂધનો નાસ્તો કરી ગીતો ગાતાં સંખેશ્વર જવા નીકળ્યા મંદિરમાં ઘણાં બધાએ સેવા પૂજા કરી બધાએ દર્શન કર્યા, જમીને સૌ કોઈ નાની મોટી ખરીદી કરવા ગયા બપોરે બુંદીના લાડુ ને સેવનો નાસ્તો કરી અમે અમદાવાદ આવવા નીકળ્યા ત્યારે આ મજાનો અંત આવશે તેનો વસવસો હતો પરંતુ રસના તો ચટકા હોય કૂંડાં તે હોય!' એ પ્રમાણે પાછાં અમે સૌ સૌને ઘરે પહોંચ્યાં, સૌ કોઇનાં મનમાં તેમનાં પ્રવાસની રસભરી વાતો ઘરનાં બધાને કહેવાની તાલાવેલી હતી. આવી સુખદ પળો જીવનમાં કેમ ભૂલાય!

**ધવલ મહેતા ૪ બ**

# એક સંધ્યા સમયે

કોઈ મને પૂછે કે દિવસનો શ્રેષ્ઠ સમય કયો ? તો વિના સંકોચે કહીશ કે સંધ્યાનો સમય. રોજ દિવસ ઉગે છે અને આથમે છે. પરંતુ, સંધ્યાનો સમય એક નવી જ મધુરતા અને આનંદ લઈને આવે છે, એક કવિની પંક્તિઓ મને યાદ આવે છે,

"ઘટના વગર પસાર થયો આજનો દિવસ,
દિવસ ઊગ્યો ને આથમી ગયો."

પણ દિવસ દરમ્યાનની જો કોઇ મોટી ઘટના હોય તો તે છે સંધ્યા, અને તેની થોડીક પળો ! કોડિયામાંથી તેલ ખૂટે ને દિવો ઓલવાય તે પહેલાનો પ્રકાશ; માનવીનાં મૃત્યુ પહેલાંની થોડીક ક્ષણો, દિવસ પૂરો થાય અને વાતાવરણ ધૂંધળું દેખાય તે વખતનો સંધ્યાનો સમય. આ બધામાં મને હંમેશા સામ્ય જણાયું છે.

ઘણીવાર વિચારું છું કે શા માટે સંધ્યાનો સમય આટલો આહ્લાદ્દક અને મધુર લાગે છે ? અને યાદ કરું છું કે જ્યારે સૂરજ લગભગ ડૂબી ગયો હોય, પ્રકાશ ઝાંખો થઈ ગયો હોય, પડછાયા લંબાતા જતા હોય વાતાવરણમાં એક જાતની આહ્લાદ્દકતા અને ઠંડક પ્રસરતી હોય અને ગામડામાં અને તે પણ નદી કિનારે તો પૂછવું જ શું ? ત્યાનું વાતાવરણ શાંત તો હોય જ અને વળી એમાં સંધ્યાનાં સમયની મધુરતા ફેલાય એટલે મનને એક પ્રકારની શાંતિ મળે. આકાશ અનેક રંગોથી શોભતું હોય, કોઈક કવિને સંધ્યા સમયે પાછી ફરતી ગાયોની ઘંટડીના મધુર રણકારમાં સંધ્યાની ક્ષણોનો મધુર અવાજ સંભળાય છે. વળી સૂરજનાં ઝાંખા પ્રકાશમાં સંધ્યાનાં રંગોની આહ્લાદ્દકતા અને મધુરતા છલકાય છે.

આમ, સંધ્યા સમયે કેટકેટલાં રંગો મળે છે. સુખ, દુઃખ, નિરાશા,, આનંદ એ લાલ, પીળા, ભૂરા રંગોમાં અજબનાં ભળી જાય છે. અને એ રંગોથી સર્જાય છે સંધ્યા. સંધ્યા સમય માણ્યો નથી તેણે પોતાનાં જીવનની થોડીક ક્ષણો ગુમાવી છે. જો ભગવાન મારાં કલાકો લઈ લે અને મને સંધ્યા સમયની થોડીક પળો આપે તો તે મંજૂર છે. હવે તમે જં કહો કે જીવનનો શ્રેષ્ઠ સમય કયો ?

વિવેક દ્વિવેદીયા ધા. ૮ બ

**તા. ૭મી નવેમ્બરથી ૨૭મી નવેમ્બર સુધી દિવાળીની રજાઓ રહેશે.**

તંત્રી, મુદ્રક, પ્રકાશક : દિનુભાઇ દ. દવે આચાર્ય અને નિયામક શારદામંદિર; નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭.
મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ--૭.